# શુ આપ આ તક ચૂકી ગયા?

GSPMAના સૌ સભ્યોના લાભાર્થે કે જેઓ હાલમાં એક્સપોર્ટ કરે છે કે જેઓ હવે કરવાનું આયોજન કરી રહ્યા છે તે સૌ માટે સૌ પ્રથમ વખત PLEXCONCIL દ્વારા એક્સપોર્ટ કેન્દ્રિત પ્રદર્શન તેમજ રિવર્સ બાયર-સેલર્સ મીટ (RBSM)નું આયોજન વિષેની માહિતી પૂરી પાડવા માટે એક વિશેષ સેમિનાર તા. 24.05.2023ના રોજ યોજવામાં આવેલ. જેમાં PLEXCONCILના ચેરમેન શ્રી હેમંત મીનોચા, પૂર્વ ચેરમેન અને પેનલ ચેરમેન શ્રી રાજીવ ચિતલીઆ અને એક્ઝિક્યુટિવ ડાયરેક્ટર શ્રી શ્રીબાશ દાસમોહપાત્રા આવ્યા હતા અને માહિતી પૂરી પડી હતી.

તેઓએ માહિતી આપતાં જણાવ્યું કે આજે ભારત માંથી 200 થી વધુ દેશોમાં પ્લાસ્ટિક એક્સપોર્ટ કરવામાં આવે છે. જેમાં થી 70 થી વધુ દેશોના 600 ઉપરાંત HSN કોડ આધારિત ભારતના દૂતાવાસે(એમબ્સી) સંપૂર્ણ પણે તપાસી-ચકાસેલ ખરીદકારો આવનાર છે. જેઓની મુલાકાત આ પ્રદર્શનમા ભાગ લઈ રહેલ 200 ઉપરાંત પ્રદર્શનકારો સાથે કરાવવામાં આવશે. આમ, પ્રત્યેક HSN કોડ આધારિત ઓછામાં ઓછા ત્રણ સીધા સંભવિત ગ્રાહકો સાથે મુલાકાત યોજાશે.  વધુ માહિતી માટે PLEXCONCILની વેબસાઇટ (www.plexconcil.org) જોવા વિનંતી.













# શુ આપ આ તક ચૂકી ગયા?

GSPMAના સૌ સભ્યોના લાભાર્થે પ્લાસ્ટિક ઉદ્યોગ સાથે સંકળાયેલ સર્વે ઉત્પાદકોએ માટે તેમના વ્યવસાયમાં ડીજીટાઈઝેશનનું મહત્વ સમજાવવા માટે GSPMA, NASSCOM સેન્ટર ઓફ એક્સલન્સ, ગાંધીનગર તેમજ અમદાવાદ મેનેજમેંટ એસોસીયેશન અને PLEXCONCILના સંયુક્ત ઉપક્રમે વિશેષ સેમિનારનું આયોજન 1લી જૂનના રોજ કરવામાં આવેલ, જેમાં 49 ઉદ્યોગકારોએ હાજર રહી લાભ લીધો હતો.

સેમિનારમાં શ્રી વિકાસ ગુપ્તા, જોઇન્ટ ડાયરેક્ટ, MSME DFO, અમદાવાદ ઉપસ્થિત રહી સૌને MSME એકમો માટે ચલાવવામાં આવતી વિવિધ સ્કીમો વિષે વિસ્તૃત માહિતી આપી હતી. જેને સૌ હાજર મિત્રોએ હર્ષ સાથે સ્વીકાર કરી તેનો લાભ લેવાની ખાત્રિ દોહરાવી હતી.

GSPMAના પ્રમુખ શ્રી અતુલ કાનુગાએ પ્લાસ્ટિક ઉદ્યોગ વિષે તથા તેના ડીજીટાઈઝેશનના મહત્વ વિષે માહિતી આપેલ. સાથો સાથ આવનાર સભ્યોને વિનંતી કરેલ કે તેઓના સાથી ઉદ્યોગકારોને આવનાર સેમિનારમાં ઉત્સાહભેર ભાગ લેવા પ્રોત્સાહિત કરે અને વધુમાં વધુ લોકો સુધી આ જ્ઞાનની સરવાણી પહોચે તેવી તેમની ઈચ્છા પ્રદર્શિત કરી હતી.

NASSCOM, સેન્ટર ઓફ એક્સલન્સ, ગાંધીનગરના સિનિયર ડાયરેક્ટર અને સેન્ટર હેડ શ્રી અમિત સલુજાએ રસપ્રદ અને માહિતીસભર નિર્દેશન આપતાં પ્લાસ્ટિક ઉદ્યોગને વિવિધ સમયે ઉદભાવતી પ્રોડકશન, ફિનિશ્ડ પ્રોડક્ટ ક્વોલિટી, ઉપરાંત ઓછા સમયમાં વધુ ગુણવત્તાસભર (ક્વોલિટેટીવ) અને ઓછા મેનટેનન્સમાં વધુ કારગત નિવડે તેવી વિવિધ પ્રવુત્તિઓને સાંકળતી ડિજિટાઈઝેશનની ટેકનિકલ અને તેના ફાયદાઓ વિષે સૌને સમજાય તેવી સરળ અને પ્રભાવી ભાષામાં સમજાવી હતી.

પ્લાસ્ટિક ઉદ્યોગમાં માત્ર નિકાસ બાબતનું સર્વપ્રથમ પ્રદર્શન PLEXCONNECT 2023 વિષેની વધુ માહિતી આપવા માટે મુંબઈથી PLEXCONCILના કન્ઝ્યૂમર અને હાઉસહોલ્ડ પ્રોડક્ટના પેનલ ચેરમેન શ્રી ધ્રુવ સયાનીએ વિશેષ ઉપસ્થિત રહી માહિતી પૂરી પાડેલ કે 76થી વધુ દેશો માંથી 800 ઉપરાંત સીધા HSN આધારિત ખરીદકર્તા 15-17 જૂન, 2023 દરમ્યાન મુંબઈ ખાતે આવી રહ્યા છે જેનો લાભ સૌએ લેવો જ જોઈએ, જો હજુ પણ સ્ટોલ બુકિંગ ન કરાવ્યું હોય તો છેલ્લી તક છે, તેમ છતાં સ્ટોલબુકિંગ થઈ શકે તેમ ન હોય તો મુલાકાત તો અવશ્ય લેવી જ જોઈએ. વધુ માહિતી PLEXCONCILની વેબસાઇટ (www.plexconcil.org) પરથી મળી રહેશે.



